**આંક–૫ર**

**શ્રી એચ.કે.આચાર્ય, ન્યાયાધિશ, શ્રમ અદાલત અને એકસ ઓફિસીયો કમીશ્નર ફોર ધી એમ્પ્લોઈઝ કોમ્પનસેશન, મહેસાણા.**

વ.કો. (નોન ફેટલ) અરજી નં. ૭/ર૦૧૩

અરજદાર – અશ્વિનસિંહ હેતલસિંહ ચાવડા
રહે. મુલસણ, તા.જી.મહેસાણા.

**// વિરૂધ્ધ //**

સામાવાળા – (૧) કાર્ગો મોટર્સ પ્રા.લી.
આર.ટી.ઓ. મહેસાણાની સામે, હાઈવે, મહેસાણા.
(ર) કાર્ગો મોટર્સ પ્રા.લી. નેશનલ હાઈવે, મુ.ગાંધીધામ (કચ્છ)
(૩) કાર્ગો મોટર્સ પ્રા.લી.
કાર્ગો હાઉસ, ગાંધી આશ્રમ સામે, વાડજ, અમદાવાદ.
(૪) બજાજ એલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.
સર્વીસ બ્રાન્ચ–ર૦૪–ર૦૬, ટાઈમ્સ સ્કવેર પરીસી કોમ્પલેક્ષ બાજુમાં,
સી.જી.રોડ, એલીસબ્રીજ, અમદાવાદ.

**<u>પ્રતિનિધિત્વ</u> –**

અરજદાર તરફે – વિ.વકીલશ્રી એચ.આર.ભાવસાર.
સામાવાળા નં.૧ થી ૩ તરફે – વિ.વકીલશ્રી વિજયગીરી ગોસ્વામી.
સામાવાળા નં.૪ તરફે – વિ.વકીલશ્રી એસ.જી.શાહ.

**// હુ ક મ //**

**(૧)** આ કામના અરજદારે આ અરજી કામદાર વળતર અધિનિયમની કલમ–૧૦ મુજબ દાખલ કરીને નુકસાન વળતર રૂ.૬,૦૪,૮૦૦/– સામાવાળા પાસેથી મેળવવા માટે કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારને સામાવાળા નં.૧ ને ત્યાં તા.ર૧/૧૦/ર૦૧૧ ના રોજ ચાલુ ફરજ દરમ્યાન ફરજના ભાગરૂપે થયેલ અકસ્માતમાં થયેલ ઈજાઓના કારણે રહી જવા પામેલ શારીરીક ખોડના કારણે અરજદારની કામ કરવાની તથા કમાવવાની શકિતનો ઘટાડો થતા વળતર ચુકવવાની જવાબદારી સામાવાળા નં.૧ થી ૩ ની હોવા છતાં સામાવાળાઓએ વળતર ચુકવેલ નહી. સામાવાળા નં.૧ નાએ તેમને ત્યાં કામ કરતા કામદારોનો વિમો સામાવાળા નં.૪ વિમા કંપની પાસેથી ઉતરાવેલ હોઈ વળતર ચુકવવાની વિમા કંપનીની જવાબદારી હોવા છતાં સામાવાળા નં.૧ થી ૪ ના તરફે વળતર નહી ચુકવતા અકસ્મતા સમયે અરજદારની ઉંમર, અરજદારનો પગાર અને કામદાર વળતર અધિનિયમના ફેકટરને ઘ્યાને લેતાં અરજદાર સામાવાળા પાસેથી સંયુકત અને વિભકત રીતે વળતર પેટે રૂ.૬,૦૪,૮૦૦/– મેળવવા માટે હકકદાર છે. સામાવાળાઓએ વળતરની રકમ નિયત સમય મર્યાદામાં ચુકવેલ ન હોઈ વળતરની રકમ ઉપર ૧ર લેખે વ્યાજ તથા વળતરની રકમના ૫૦ ટકા પેનલ્ટીની રકમ પણ અરજદાર સામાવાળાઓ પાસેથી મેળવવા માટે હકકદાર હોઈ સામાવાળા નં.૧ થી ૪ નાઓ અરજદારને વળતરની રકમ તથા વળતરની રકમ ઉપરનું વ્યાજ

તથા ૫૦ ટકા પેનલ્ટીની રકમ ચુકવી આપે તેવો હુકમ કરવા દાદની માંગણી કરેલ છે.

**(૨)** આ અરજી સાથે અરજદારે નિ.૪/૧ થી નિ.૪/૧૩ થી લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે જેમાં અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ તથા અરજદારે લીધેલ સારવારના કાગળો રજુ કરેલ છે.

**(૩)** આ કામમાં સામાવાળા નં.૧ તી ૩ નાએ આંક–૧૪ થી અરજી આપેલ છે અને સામાવાળા નં.૧ થી ૩ ને ત્યાં કામ કરતા કામદારોનો વિમો સામાવાળા નં.૪ ની વિમા કંપની પાસે ઉતરાવેલ હોઈ અને અકસ્માતના દિવસે આ વિમો અસ્તિત્વમાં હોઈ સામાવાળા નં.૪ તરીકે વિમા કંપનીને આ કામમાં પક્ષકાર તરીકે દાખલ કરવાનો હુકમ કરવાની માંગણી કરેલ છે. આ અરજી સાથે નિ.૧૫/૧ થી વિમા પોલીસીની નકલ દસ્તાવેજી પુરાવાથી રજુ કરેલ છે. આ અરજી અન્વયે સુચિત પક્ષકારને નોટીસ કાઢવામાં આવેલ જે અન્વયે સુચિત પક્ષકાર તરફે કોઈ જવાબ રજુ કરવા નહી માંગતા સામાવાળા નં.૪ તરીકે વિમા કંપનીને પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૪)** આ કામની નોટીસ સામાવાળાઓને કાઢવામાં આવેલ છે જે સામાવાળાઓને બજી જતાં સામાવાળા નં.૧ થી ૩ તરફે આંક–૨૦ થી લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે અરજદારે વળતર અરજીમાં જણાવેલ હકીકતો ખરી ન હોઈ કબુલ મંજુર રાખેલ નથી અને અરજદારની વળતર અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે અરજદારે વળતર અરજીમાં જે હકીકત જણાવેલ છે તે પુરાવા સહીત સાબિત કરવી જોઈએ. સામાવાળાએ તેઓના જવાબમાં એવુ જણાવેલ છે કે અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં મીકેનીક બ્રાન્ચમાં હેલ્પર તરીકે કામ કરતા હોઈ તેઓએ ગાડીના રીપેરીંગનું કામ કરવાનું હોય છે. સામાવાળાએ કયારેય અરજદારને ઓફિસની છત પર જઈને કોઈ પણ કામ કરવાનું કહેલુ નહી કે આવું કોઈ પણ કામ અરજદારની ફરજના ભાગરૂપે આવતુ નથી. અરજદાર મનસ્વીપણે ઉપરી અધિકારીને જાણ કર્યા સિવાય સ્વૈચ્છીક રીતે ઓફિસની છત પર ગયેલ અને તેઓની બેદરકારીને કારણે નીચે પડેલ હોઈ અકસ્માત થયેલ. તે જોતા અરજદારને સામાવાળા નં.૧ ને ત્યાં ચાલુ ફરજ દરમ્યાન ફરજના ભાગરૂપે અકસ્માત થયેલ નથી. વળી અરજદારે તેમની અરજીમાં તેમજ અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓમાં જે હકીકત જણાવેલ છે તે જોતાં અરજદારે સામાવાળા પાસેથી ખોટી હકીકત છુપાવીને પૈસા પડાવવાના આશયથી સામાવાળાની વિરૂદ્ધમાં આ અરજી કરેલ હોઈ તેમજ અરજદારે તેઓને થયેલ અકસ્માતના કારણે કાયમી અસમર્થતતા પણ પુરવાર કરેલ ન હોઈ અરજદારની વળતર અરજી રદ કરવા જણાવેલ છે.

**(૫)** આ કામમાં આંક–૨૩ થી મારી અગાઉના કમિશ્નરશ્રીએ મુદ્ધા ઉપસ્થિત કરેલ છે.

**(૬)** આ કામમાં અરજદાર તરફે નિ.૧૩૫/૧ થી નિ.૨૫/૬ થી લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**(૭)** આ કામમાં આંક–૨૬ થી અરજદાર તરફે પુરાવાનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામ અરજદારના જુબાનીના સોગંદનામાની ઉલટતપાસ માટે રાખવામાં આવેલ છે.

**(૮)** આ કામમાં સામાવાળા નં.૪ વિમા કંપની તરફે આંક–૫૧ થી લેખિત જવાબ રજુ થયેલ છે જેમાં મુખ્યત્વે અરજદારે વળતર અરજીમાં જણાવેલી હકીકતો ખરી ન હોઈ કબુલ મંજુર રાખતા નથી અને અરજદારની વળતર અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે અરજદારે વળતર અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે ચુસ્ત પુરાવા સાથે સાબિત કરવી જોઈએ. અરજદારે વળતર અરજીમાં જણાવેલી હકીકતો પુરવાર કરેલ ન હોઈ અરજદારની વળતર અરજી રદ કરવાની દાદની માંગણી કરેલ છે.

(૯) આ કામમાં અરજદાર તરફે આંક–૨૬ થી જુબાનીનું સોગંદનામુ રજુ કર્યા બાદ આ કામ અરજદારના જુબાનીના સોગંદનામાની ઉલટતપાસ માટે રાખવામાં આવેલ. અરજદારના જુબાનીના સોગંદનામાની ઉલટતપાસ માટે અરજદારે આ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે આ કોર્ટ દ્વારા અનેક મુદતો આપવામાં આવેલ છે તેમ છતાં અરજદાર જુબાનીના સોગંદનામાની ઉલટતપાસ માટે હાજર રહેલ નથી કે અરજદાર તરફે આ કામમાં કોઈ હાજર રહેલ નથી. અરજદારે જુબાનીનું સોગંદનામુ તા.૧૯/૩/૧૮ના રોજ રજુ કરેલ છે ત્યારથી આજદીન સુધી અરજદારને જુબાનીના સોગંદનામાની ઉલટતપાસ માટે હાજર રહેવા સબબ આ કોર્ટ દ્વારા પુરતી અને વ્યાજબી તકો આપેલ છે તેમછતાં અરજદાર હાજર રહેલ નથી. અરજદારે વળતર અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતોને આ કોર્ટ સમક્ષ લેખિત દસ્તાવેજી પુરાવાથી તેમજ મૌખિક પુરાવાથી પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી અરજદારની છે અને જયાં સુધી અરજદાર વળતર અરજીમાં જણાવેલી હકીકતોને આ કોર્ટ સમક્ષ પુરવાર કરે નહી ત્યાં સુધી અરજદાર વળતર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા માટે હકકદાર થાય નહી. આ કેસનું રેકર્ડ જોતાં અરજદાર તરફે વળતર અરજીમાં જણાવેલ હકીકતોને લેખિત દસ્તાવેજી પુરાવાથી અરજદારે આ કોર્ટ સમક્ષ પુરવાર કરેલ નથી. અરજદારે આ કામમાં જુબાનીનું સોગંદનામુ રજુ કરેલ છે પરંતુ જુબાનીના સોગંદનામાની ઉલટતપાસ માટે કયારેય હાજર રહેલ નથી અને વળતર અરજીમાં જણાવેલી હકીકતોને પુરવાર કરેલ નથી. આ કેસ દસ વર્ષ જુનો છે અને અરજદારને વળતર અરજીમાં જણાવેલ હકીકતોને પુરવાર કરવા માટે આ કોર્ટ દ્વારા પુરતી, વ્યાજબી અને ઘણી તકો આપેલ છે જે રેકર્ડ પરથી ફલીત થાય છે તેમ છતાં અરજદારે કે અરજદાર તરફે આ કામમાં કોઈ હાજર રહીને આ કેસ ચલાવવામાં રસ લીધેલ નથી તેવું સ્પષ્ટપણે જણાય છે અને તેથી અરજદારની આ વળતર અરજીમાં જણાવેલી હકીકતોને અરજદાર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ તેમજ અરજદાર સતત ગેરહાજર રહેલ હોઈ આ બંને કારણસર અરજદારની આ વળતર અરજી રદ કરવી જોઈએ તેવું હું સ્પષ્ટપણે માનું છું અને તેથી આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

## **// હુકમ //**

(૧) અરજદારની આ વળતર અરજી પુરાવાના અભાવે તથા ગેરહાજરીના કારણોસર નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

મહેસાણા.
તા.૦૯/૧૦/૨૦૨૩

(હર્ષલ કામેન્દુભાઈ આચાર્ય)
GJ00774
ન્યાયાધીશ, શ્રમ અદાલત અને એકસ ઓફિસિયો,
કમિશ્નર ફોર ધ એમ્પ્લોઈ કોમ્પનસેશન, મહેસાણા.